Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-8, Continuous Issue-24, March - April 2024

# ગદ્ય-સ્વરૂપ વિચારણા

-Dr. Bhikhabhai V. Desai

## પૂર્વભૂમિકા :

સાહિત્યના માધ્યમરૂપ ભાષાની આકૃતિને આધારે સાહિત્યના સંસ્કૃત વિવેચકોએ ત્રણ ભેદ પાડ્યા છે : 1) ગદ્ય, 2) પદ્ય, 3) ચમ્પૂ (ગદ્ય-પદ્ય મિશ્ર) ગદ્ય-પદ્ય મિશ્રિત કોઈક કાવ્યસ્વરૂપને 'ચંપૂ' કહેવાય છે.

પણ કૃતિ ગદ્ય અને પદ્ય ઉભયનો આશ્રય લેતી હોય તેથી તેનો આ રીતે ચમ્પૂ જેવો પ્રકાર ઊભો કરવો અનુચિત છે. નાટક, પુરાણ કે ચમ્પૂ એવા કાવ્ય પ્રકારો છે કે જેમાં ગદ્ય અને પદ્ય બંનેનો ઉપયોગ થાય છે. નાનાલાલની ડોલનશૈલેને, નહિ ગદ્ય કે નહિ પદ્ય (અપદ્યાગદ્ય) કહીને, ગદ્ય અને પદ્યથી ભિન્ન એવો ત્રીજો પ્રકાર ઊભો કરવાની શક્યતા થઈ હતી; પણ ડોલનશૈલી તો ગદ્ય છે એટલે એવો અવકાશ હવે રહેતો નથી. સઘળું સાહિત્ય કાં ગદ્યમાં અવતરે છે, કાં પદ્યમાં. એટલે સાહિત્યના મુખ્ય બે પ્રકાર પાડવા ઉચિત છે : 1) ગદ્ય-સાહિય, 2) પદ્ય-સાહિત્ય

જ્યારે આપણે ગદ્ય વિશે વિચારવા બેસીએ ત્યારે ખ્યાલ આવે છે કે ગુજરાતી ભાષામાં અર્વાચીનકાળમાં ગદ્યમાં સાહિત્યનું મબલખ ખેડાણ થયું છે. ગુજરાતી ગદ્ય વિચાર, વર્ણન અને ભાવની અભિવ્યક્તિ માટે સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં જેવાં કે – નિબંધ, નવલિકા, આત્મકથા, નવલકથા, ડાયરી, પ્રવાસકથા, પત્ર સાહિત્ય, લઘુકથા, ઇતિહાસ, એકાંકી, જીવનચરિત્ર વગેરે દ્વારા સારી પેઠે ખેડાયેલું અને પળોટાયેલું જોવા મળે છે.

ગદ્યની ભાષાને બોલચાલની ભાષા સાથે વધારે સામ્ય છે. વ્યવહારભાષા અને ગદ્ય વચ્ચેનો ભેદ સ્પષ્ટ નથી. આમ છતાં આપણે આટલું તો ચોક્કસ કહી શકીએ કે ગદ્ય એ સામાન્ય વ્યવહારભાષાના સંવાદો, ઉદ્બોધો વગેરેથી કેટલેક અંશે ભિન્ન છે.

## ગદ્ય : સંજ્ઞા વિભાવના :

ગદ્ય શબ્દના મૂળમાં गद् ધાતુ છે. એનો અર્થ થાય છે સ્પષ્ટ બોલવું, to Speak Articulately. વળી એનો અર્થ કથવું, બયાન કરવું, to Relate એવો પણ થાય છે. આથી, ગદ્યમાં સ્પષ્ટ કથન-બયાન કરવાનો અર્થ અભિપ્રેત છે. ગદ્ય માટે અંગ્રેજી પર્યાય છે Prose.

આ Prose શબ્દ લૅટિન ધાતુ 'Prosa' પરથી બન્યો છે. પ્રોસા - Prosa નો અર્થ થાય છે. Straight – Forward discourse એટલે કે સીધેસીધું સંભાષણ. આમ, ગદ્યનો ઉપયોગ

હકીકતો માહિતી, વિચારો આદિના કોઈપણ પ્રકારની આળપંપાળ વગરના, એટલે કે કોઈપણ પ્રકારના સાજશણગાર વગરના સીધેસીધા કથન પૂરતો હોય છે. 'ગદ્ય' સંજ્ઞાનો વ્યવહારુ અર્થ બોલચાલમાં વપરાતું લિખિત યા ઉચ્ચારિત ભાષાસ્વરૂપ એવો થાય છે.

'ગદ્ય એટલે શું?' એવું પૂછનારને 'તમે જે બોલો છો તે ગદ્ય' એમ સામાન્યપણે કહી શકાય. આપણે આપણા રોજિંદા વ્યવહારમાં ગદ્ય જ વાપરીએ છીએ.

**'નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ' અનુસાર -**

'ગદ્ય એટલે કે ગવાય નહિ એવું, પદ્યથી ઊલટું'

**'ભગવદ્ગોમંડલ' અનુસાર -**

'ગદ્ય એટલે કે ગવાય નહિ એવું, પદ્યથી ઊલટું સાદું લખાણ; ગદ્યબંધ લેખ; શ્લોક વગરનું વાક્યાત્મક લખાણ.'

જે શબ્દરચના રાગ કે છંદ વડે ગાઈ શકાય તે પદ્ય, ગાઈ ન શકાય તે ગદ્ય અને જેમાં ગદ્ય અને પદ્ય બંને હોય તે મિશ્ર અથવા અપદ્યાગદ્ય'

**'સાર્થ ગુજરાતી જોડણીકોશ' અનુસાર -**

ગદ્ય એટલે ગવાય નહિ એવું, પદ્યથી ઊલટું – સાદું લખાણ.

**'ધ એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' અનુસાર -**

"The plain speech of mankind, when written or composed without reference to the rules of verse."

**'ધ રૅન્ડમ હાઉસ ડિક્શનરી ઑફ ઇંગ્લિશ લૅંગ્વેજ (કૉલેજ એડિશન) મુજબ -**

"A Spoken or written language without metrical structure, as distinguished from poetry or verse."

"Commonplace or dull expression discourse, etc."

"To write or talk in a dull or prosaic manner."

**ગુજરાતી – અંગ્રેજી કોશ અનુસાર -**

"ગદ્ય – Prose"

આમ, ઉપર્યુક્ત વિવિધ કોશમાં આપેલ ગદ્ય વિશેના અર્થ અવલોકતાં માલૂમ પડે છે કે ગદ્ય એ બોલચાલમાં વપરાતું લિખિત યા ઉચ્ચારિત ભાષાસ્વરૂપ છે. ગદ્ય ગવાય નહિ તેવું પદ્યથી ઊલટું સાદું લખાણ છે. ગદ્ય માટે અંગ્રેજીમાં Prose શબ્દ છે.

ગદ્યના સ્વરૂપ અને લક્ષણો વિશે આપણે ત્યાં ઝાઝું વિચારાયું કે વિવેચાયું નથી.

**બૃહદ્ ગુજરાતી કોશ, ખંડ 1લો અનુસાર,**

ગદ્ય એટલે પદ્યના જેવું કોઈ ચોક્કસ સંખ્યાના અક્ષરોનું કે ચોક્કસ સંખ્યાની માત્રાઓનું બંધન નથી તેવું સાદી સ્વાભાવિક વાક્ય-રચનાવાળું બોલવું યા લખવું એ 'પોન્ઝ'.

**નર્મકોશ અનુસાર,**

ગદ્ય એટલે કે કવિતાના નિયમ વગરનું જે સાદું લખાણ તે.

वृत्तं गन्धोझितं गद्यः ।

(વૃત્તની ગંધથી પણ દૂરની પરિસ્થિતિ કે ગદ્ય)

- આચાર્ય વિશ્વનાથ

આપણે ત્યાં ભારતીય સાહિત્ય મીમાંસકોએ 'काव्य' શબ્દ સાહિત્યના વિશાળ અર્થમાં પ્રયોજીને વામન 'કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ' ગ્રંથમાં નોંધે છે કે –

'काव्यं गद्यं पद्यं च ।'

- વામન

આમ, સાહિત્ય ગદ્ય અને પદ્ય બંને પ્રકારે સંભવે છે એ બાબતનું સમર્થન કરે છે. ભારતીય મીમાંસકોએ સાહિત્ય ગદ્ય અને પદ્યમાં હોય તેમ સૂત્રાત્મક રીતે કહ્યું જેમાં ગદ્યને પ્રથમ સ્થાન પણ આપ્યું. પરંતુ, ગદ્યની જોઈએ તેટલી વિચારણા કરી નથી.

**આચાર્ય વામનનું ગદ્ય વિશેનું વચન નોંધીએ તો –**

'ગદ્યમ્ કવિનામ નિકષમ્ વદન્તિ.'

- વામને

ગદ્ય એ કવિઓની કસોટી ગણાયું છે. પરંતુ, આવા કસોટીકર સ્વરૂપની લક્ષણબંધી ચર્ચા એમની પાસેથી કે અન્ય આલંકારીકો પાસેથી સાંપડી નથી. ગદ્ય આજે ભરપેટે વ્યવહારમાં છે. આમ રોજરોજના વ્યવહારનું તો એ વ્યાપક અને સક્ષમ માધ્યમ છે જ, સાથે સર્જનનો પ્રદેશ પણ એણે આગવા પડકાર સાથે કબજે કર્યો છે.

**દંડી ગદ્યની વ્યાખ્યા નીચે મુજબ આપે છે.**

''अपादः पदसन्तानो ।''

અર્થાત્ : (પાદ – ચરણ વિનાના સતત, સળંગ આવતા શબ્દો – શબ્દ (પદ) સમૂહ તે ગદ્ય.)

**ગદ્ય વિશે વાગ્ભટનું વિધાન નોંધવા જેવું છે,** તેઓ કહે છે કે –

'गद्यमपादः पदसंतानच्छंदोरहितो वाक्यसंदर्भः ।'

ઉપરની વ્યાખ્યામાંથી ગદ્યનાં ત્રણ લક્ષણ મળે છે.

(1) गद्यमपाद (ગદ્ય અપાદ) ગદ્યમાં પાદ એટલે કે ચરણ ન હોય.

(2) पदसंतान (પદોનું સાતત્ય હોય) ગદ્યમાં એક પછી એક શબ્દ અવિરતપણે (યતિ કે વિરામસ્થાન વગર) આવ્યે જ જાય.

(3) च्छंदोरहितो वाक्यसंदर्भः (છંદોબદ્ધ ન હોય તેવો વાક્યસંદર્ભ). ગદ્યમાં છંદ ન હોય.

ગદ્યના પ્રકારો અને લક્ષણો :

ગદ્યના પ્રકારો :

ગુજરાતી વિશ્વકોશમાં જણાવ્યા પ્રમાણે ગદ્યનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને પામવા તેનાં પ્રયોજનોને લક્ષમાં લેવાં પડે છે.

તથ્યલક્ષી ગદ્ય :

જે ગદ્યમાં તથ્ય કે વિચારના માત્ર સંક્રમણનો જ આશય રહ્યો છે એવું ગદ્ય સ્ફટિક જેવું પાસાદાર અને પારદર્શક હોય, તે લક્ષ્યવેધી પણ હોય. સ્વચ્છ, સુઘડ, તાર્કિક, શિષ્ટ કે વ્યવસ્થિત જેવાં વિશેષણો આવા તથ્યલક્ષી ગદ્ય માટે વપરાય છે.

સાહિત્યિક ગદ્ય :

સાહિત્યિક ગદ્ય એ ગદ્યનું એક જુદું જ રૂપ છે. આ ગદ્ય લગભગ કવિતાની સમકક્ષ રહી, ક્યારેક તેની પાર પણ એ વિસ્તરતું હોય છે. સાહિત્યિક ગદ્ય તરીકે ઓળખાતું ગદ્ય એ પ્રકારનું હોય છે.

સાહિત્યિક ગદ્યમાં વિવિધ મનોદશાઓ, સંવેદનાઓ, ભાવો, જુદે જુદે મિષે (બહાને) તેમાં વ્યક્ત થતાં રહે છે. માહિતીના ગદ્યથી આ ગદ્યની મુદ્રા નોખી હોય છે. કથન-વર્ણનની અનેક છટાઓ કે લેખનની તરકીબો અહીં જોવા મળે છે. સૌંદર્યના પરિવેશ વચ્ચે આ ગદ્ય ભાવકને ખડો કરી દે છે.

સર્જનાત્મક ગદ્ય :

સર્જનાત્મક ગદ્ય અનેકાર્થ છે, રસાર્દ્ર છે. ક્યારેક વિચાર અને ઊર્મિ ઉભયને એક સાથે સાંકળી લે તેવી તેની ઉભયાન્વયી મુદ્રા પણ દેખવા મળે છે. રવીન્દ્રનાથ ટાગોર કે ઉમાશંકર જોશી જેવા લેખકોના વિવેચનાત્મક લખાણોમાં એ પ્રકારના ગદ્યનો અનુભવ થઈ રહે છે.

કોઈક કોઈક અમુક તત્વને આગળ ધરી એના અનેકાધિક પ્રકારો પણ ગણાવતા હોય છે. જેમ કે -

- માહિતીનું ગદ્ય, વર્ણનાત્મક ગદ્ય, નાટ્યાત્મક ગદ્ય, ચિંતનપ્રધાન ગદ્ય, કલ્પનાત્મક કે કાવ્યાત્મક ગદ્ય

અગ્નિપુરાણમાં ગદ્ય ત્રણ પ્રકારનું માન્યું છે:

(1) ચૂર્ણક, (2) ઉત્કલિકા, (3) વૃત્તગંધિ

- જેમાં નાના નાના સમાસ હોય તે ચૂર્ણક.
- જેમાં મોટા મોટા સમાસવાળા શબ્દ હોય તે ઉત્કલિકા.
- જેમાં ક્યાંક ક્યાંક પદ્યના જેવો આભાસ હોય તે વૃત્તગંધિ.

સાહિત્યદર્પણ અનુસાર ગદ્ય બે પ્રકારનું છે :

(1) કથા, (2) આખ્યાયિકા

- જેમાં સરસ પ્રસંગ હોય, સજ્જનો તથા દુષ્ટોના વ્યવહાર વગેરેનું વર્ણન હોય, આરંભમાં પદ્યબદ્ધ નમસ્કાર હોય તે કથા.
- આખ્યાયિકામાં એટલું વિશેષ હોય છે કે તેમાં કવિના વંશ વગેરેનું પણ વર્ણન હોય છે.

અહીં, ગદ્યના વિવિધ પ્રકારો આપણે જોયા. આ પ્રકારોમાં ગુજરાતી વિશ્વકોશમાં જે પ્રકારો દર્શાવ્યા છે તે ગદ્યના પ્રયોજનના આધારે રજૂ થયા છે. આ પ્રકારો દ્વારા ગદ્યનું માળખું સ્પષ્ટ થાય છે. ભગવદ્ગોમંડલ ગ્રંથમાં અગ્નિપુરાણના આધારે જોઈએ તો ગદ્યના શબ્દને કેન્દ્રમાં રાખીને વાત થઈ છે. જ્યારે સાહિત્યદર્પણના આધારે જોઈએ તો ગદ્યમાં પ્રયોજાતા વિષયવસ્તુના આધારે તેના ગુણનો ઉઘાડ થતો દેખાય છે. સાહિત્યદર્પણમાં દર્શાવેલ ગદ્યના કથા અને આખ્યાયિકા પ્રકારોમાં તેના વર્ણન ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

ગદ્યનાં લક્ષણો :

ગદ્યના સામાન્ય લક્ષણો જો આપણે તારવવાં હોય તો ગદ્યની વિવિધ વ્યાખ્યાઓના આધારે પણ અનેક લક્ષણો જોઈ શકાય. જેમ કે –

- ગદ્યમાં ચરણ વગરના શબ્દો સતત અને સળંગ આવે છે.
- ગદ્ય અછાંદસ રચના છે.
- ગદ્યને હંમેશાં વિચાર જોડે સંબંધ છે.

વાગ્ભટ્ટની ગદ્ય વિશેની વ્યાખ્યાના આધારે ગદ્યના ત્રણ લક્ષણો પ્રાપ્ત થાય છે.

'गद्यमपादः पदसंतानच्छंदोरहितो वाक्यसंदर्भ ।'

- વાગ્ભટ્ટ

ઉપર્યુક્ત વ્યાખ્યામાંથી ગદ્યનાં ત્રણ લક્ષણ મળે છે જે નીચે મુજબ છે.

(1) ગદ્યમાં ચરણ ન હોય. (અપાદ) છંદમાં ચરણ હોય છે, ગીતમાં પણ એ પ્રકારની રચના હોય છે, જ્યારે ગદ્યમાં એવાં ચરણ કે કડી કે શ્લોકની રચના નથી.

(2) ગદ્યમાં પદોનું સાતત્ય હોય છે (પદસંતાન). ગદ્યમાં એક પછી એક શબ્દ અવિરતપણે (યતિ કે વિરામસ્થાન વગર) આવ્યે જ જાય છે.

(3) છંદરહિત હોય (છંદોરહિત). છંદ એ પદ્યનું મૂળ લક્ષણ છે તે ગદ્યમાં ન જોઈએ.

આ ઉપરના ત્રણ લક્ષણવાળું વાક્ય તે ગદ્ય. માત્ર છંદરહિત, ગેયઢાળ વિનાની રચના હોય તેટલું પૂરતું નથી. ગદ્યમાં વ્યાકરણનો પદવિન્યાસ પણ જરૂરી છે.

સાહિત્યિક ગદ્ય – સ્વરૂપ વિચાર :

કોઈપણ સાહિત્ય કૃતિનું ગદ્ય અને તેની સામે કોઈ ગણિત, વિજ્ઞાન કે મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ઇતિહાસ જેવા વિષયોનું ગદ્ય જોઈએ તો તેમાં ઘણો મોટો તફાવત નજરે પડે છે. બંનેમાં વિચારો ગદ્યમાં જ પ્રગટ થયા છે. પરંતુ આપણે જે કહેવું છે તે એ છે કે સાહિત્ય એ એક સર્જક પ્રવૃત્તિ છે. તેનાં વાહન ક્યારેક પદ્ય કે ગદ્ય હોય છે. બીજી બિનસર્જક પ્રવૃત્તિ છે, તેનું વાહન અત્યારે ગદ્ય છે (જૂના સમયમાં પદ્ય પણ હતું.).

સાહિત્યનું ગદ્ય વ્યવહારના ગદ્ય જેવું રેઢિયાળ અને વેપારના ગદ્ય જેવું વાચ્યાર્થમાં રાચતું પ્રચલિત ગદ્ય બની રહે તો એ, સાહિત્ય જ ન બને. સર્જક ગદ્યપદ્યમાં અભિવ્યક્તિ એ જ સર્વસ્વ છે. અભિવ્યક્તિરૂપે જ એ અસ્તિત્વમાં આવતું હોય છે. અભિવ્યક્તિ જ એનું યથાતથ્ય

છે, એની બહારના કોઈ તત્વ ઉપર એ નિર્ભર નથી. એટલે સર્જકની અભિવ્યક્તિમાં ઉણપ ન હોય તો શૈલી પણ અનવદ્ય બની રહે. બિનસર્જક ગદ્યનું યથાતથ્ય બહારના સત્યના મેળમાં હોય છે, એટલે એવા મેળપૂર્વક યથાતથ્ય સચવાય એટલે બિનસર્જનાત્મક ગદ્યની શૈલી પણ અભિવંદનીય બની રહે છે.

વ્યવહાર માટે વપરાતી ભાષાનું ગદ્ય, સાદું ગદ્ય વગેરે જેવા વિવિધ વિશેષણોથી ગદ્યનાં જુદાં જુદાં સ્વરૂપો સ્પષ્ટ થાય છે. પરંતુ ખરા અર્થમાં સાહિત્યિક તત્વ સભર ગદ્ય જ 'ગદ્ય' નામને પાત્ર બને છે. ગદ્ય જ્યારે નવલકથા, નિબંધ, નવલકથા, નાટક કે આત્મકથાનું વાહન બને છે. ત્યારે તેનું કલેવર (શરીર, ખોળિયું) વ્યવહારના ગદ્ય કરતાં ઊંચું હોય છે.

સાહિત્યિક ગદ્યમાં જે લય પ્રગટે છે તે તેની અભિવ્યક્તિની આગવી છટા ઉપસાવે છે. દરેક સર્જકનો આગવો મિજાજ અને લય હોય છે. વર્ણન, વર્ણસંવાદિતા, પુનરાવૃત્તિ, સ્વર-વ્યંજન-સંકલના, શબ્દક્રમ, શબ્દસમતુલન, વાક્ય કે વાક્ય ખંડોની સમતુલા, સમુચિત ગોઠવણી, પરિચ્છેદરચના, સ્થિતિસ્થાપકતાં બધાં જ તત્વો લયનિર્મિતિમાં ઉપકારક બની રહે છે, જે સાહિત્યિક ગદ્યને સમજવામાં સહાયક બને છે.

**ગદ્યના ઘટકો :**

ગદ્યના મહત્વના અંશ કે ઘટકો નીચે મુજબ છે.

- શબ્દ
- વાક્ય
- ખંડક કે પરિચ્છેદ

ઉપર દર્શાવેલ ગદ્યના ઘટકો 'ગુજરાતી વિશ્વકોશ' ખંડ-6 અને 'અર્વાચીન ગુજરાતી ગદ્યનો વિકાસ' આ બંને ગ્રંથોમાં દર્શાવ્યા છે. આ સિવાય પણ કેટલાક અનિવાર્ય ઘટકો છે. જેની પણ આપણે અહીં, ટૂંકમાં નોંધ લેવાની છે. તો હવે ઉપરના ત્રણ ગદ્ય માટે મહત્વના ઘટકો વિશે ક્રમશઃ વિચારણા કરીએ.

**શબ્દ :**

'કવિ શબ્દ ગોઠવતો નથી પરંતુ વિશ્વ ગોઠવે છે.' આ બાબત ગદ્યલેખકના સંદર્ભમાં પણ સાચી ઠરે છે. લેખક પાસે શબ્દભંડોળ હોવું જરૂરી છે. પરંતુ માત્ર સમૃદ્ધ શબ્દભંડોળથી જ કામ ચાલતું નથી, સાથોસાથ શબ્દોના કલાપૂર્ણ વિનિયોગની દૃષ્ટિ હોવી પણ એટલી જ આવશ્યક છે.

શબ્દવિન્યાસ (શબ્દોની ગોઠવણી) એ શબ્દભંડોળ કરતાં પણ વધુ અગત્યની વસ્તુ છે. લેખકનું આગવું વ્યક્તિત્વ સિદ્ધ કરી આપણે શબ્દ જ ગદ્યવિધાનમાં શોભી રહે. આપણા પૂર્વના આલંકારિકોએ 'शब्दार्थौ'નો જે આગ્રહ સેવ્યો છે તે આ સંદર્ભે પદ્યને લાગુ પડતી આ બાબત કદાચ ગદ્યને વધુ સ્પર્શે છે.

સાહિત્ય સર્જનમાં પ્રયોજાતો શબ્દ નિરર્થક ન બનવો જોઈએ. શબ્દ નિશાનવેધી બનવો જોઈએ. ગદ્યસર્જનમાં ઔચિત્યપૂર્વક શબ્દપસંદગી કરવાની રહે છે. માત્ર હેતુ વગરના શબ્દોના ખડકલા સારા ગદ્યસર્જકને શોભે નહિ.

વાચક જ્યારે કોઈપણ ગદ્યનું વાંચન કરતો હોય ત્યારે તે ગદ્ય કંટાળાજનક બની જાય તેવા ભારેખમ શબ્દો પણ ઉત્તમ ગદ્યના સર્જનમાં અવરોધરૂપ બને છે. ગદ્યમાં ભાષાના ભભકા ન હોવા જોઈએ. ગદ્યના વાંચન વખતે તેના અર્થને પામવામાં શબ્દોની ઠેસ ન વાગે તો ગદ્ય સિદ્ધ થયું ગણાય. શબ્દોની સરળતા છતાં પણ તેમાંથી પ્રગટતી ચમત્કૃતિ ગદ્યને ઊંચાઈના શિખર સર કરાવે છે.

ગદ્યમાં કેવા શબ્દો વાપરવા એ બાબતે થોડો વિચાર કરે. 'વીણી વીણીને જૂના બિનવપરાશી શબ્દો યોજવાથી શ્રી કે.હ. ધ્રુવના ગદ્યમાં ક્યારેક એક જાતની બેચેની આવે છે.' ક્યારેક બોલચાલની ભાષામાં પણ સંસ્કૃત તત્સમ શબ્દ આવી જાય તો તે બહુ અભદ્ર ક્યારેક હાસ્યજનક લાગે છે.

વાક્ય :

ગદ્યનો બીજો ઘટક વાક્ય છે. વાક્ય એ શબ્દોની કેવળ વ્યાકરણી ગોઠવણી નથી. ગદ્યકારની શોધ તો પોતાની વાતને તંતોતંત વ્યક્ત કરે, એના એકેએક અંગને ઉપસાવી આપે એવા વાક્ય કે વાક્યાવલિની હોય છે.

વાક્યનો આકાર વક્તવ્યની આંતરિક અનિવાર્યતા પર નિર્ભર રહે છે. ટૂંકા કે પ્રલંબ વાક્યો ગદ્યને નિયત આકાર આપે, તેની આગવી ભાત રચી આપે એટલું આવશ્યક છે. ગદ્યનાં વાક્યો શિસ્તબદ્ધ લશ્કરની કૂચકદમથી લક્ષ પ્રતિ ધપી રહેલાં હોય. ગદ્યના વાક્યોમાં પણ એક લય હોય છે. લાંબા વાક્યોમાં પણ સામાન્યતઃ શિથિલતા જ રહી જાય છે. નિરર્થક લંબાયે જતા એ ગડગડાટને લયનું નામ આપવું ઠીક નથી. કોઈક વાર ગદ્યખંડો કોઈને કોઈ છંદના માપમાં બેસી જતા હોય એમ પણ બને.

વાક્ય ટૂંકાં સારાં કે લાંબાં ? ગાંધીજીને મુનશીનાં ટૂંકાં સારાં, ગોવર્ધનરામ ત્રિપાઠી અને બલવંતરાય ઠાકોરનાં લાંબાં પણ ગમે. વાક્યની લંબાઈનો જડ નિયમ ન હોઈ શકે. વાક્ય લાંબાં હોય કે ટૂંકાં હોય તે નથી મહત્વનું પરંતુ વાક્ય ગદ્યને નિયત આકાર આપે અને તેની યોગ્ય ભાત રચી આપે તે મહત્વનું છે. પ્રત્યેક સર્જકે વાક્યની નવી ભાત હોય છે. આથી પણ વધારે આગળ વધીને કહીએ તો પ્રત્યેક કૃતિએ પણ વાક્યની અલગ ભાત રચાતી આવે છે. આ ભાત વડે જ તેના રચનારની શૈલી નીખરી આવે છે.

વાક્યોમાં વિરામચિહ્નોનું વિશિષ્ટ સ્થાન હોય છે. આવા ચિન્હોના ઉપયોગથી વક્તવ્ય વધુ સ્પષ્ટ બને છે. સર્જકને જે કહેવું છે તેનો વાચકના મગજ સુધી સ્પષ્ટ ખ્યાલ ઉપસાવવા માટે વિરામચિહ્નો મદદરૂપ થાય છે. વાક્યોમાં જો જરૂરી ચિહ્નોનો અભાવ હોય તો અતંત્રતા પ્રવેશે, અર્થ બદલાઈ જાય. વાક્ય જો હાડકાં છે તો વિરામચિહ્નો ચામડી છે. ચામડી વગર હાડકાં નકામાં અને નોંધારાં બની જાય છે.

ખંડક કે પરિચ્છેદ :

ગદ્યનો ત્રીજો મહત્વનો ઘટક કે અંશ તે ખંડક કે પરિચ્છેદ છે. ગદ્યકાર જે વિચારો રજૂ કરે છે તેને જુદા જુદા ખંડો કે પરિચ્છેદોમાં વિભાજિત કરે છે. ખંડક ગદ્યકારના વિચારવળાંકોનો સૂચક હોય છે. ગદ્યના આવા પ્રત્યેક ખંડકમાં સ્વતંત્ર, પરિપૂર્ણ વિચાર સમાતો હોય છે.

લય :

ગદ્યનો બીજો એક અ-નિવાર્ય ઘટક લય છે. લયની કામગીરી તત્ત્વતઃ આંતરિક રહી છે. લય ગદ્યનું અગત્યનું અંગ છે. ગદ્યનો લય ઝટ કળી શકાતો નથી. પદ્યના લયની જેમ ગદ્યનો લય એકધારી ગતિનો હોતો નથી. લય નહિ તો ગદ્ય નહિ – એવો અકાટ્ય સંબંધ લય સાથે ગદ્યનો રહ્યો છે. ગદ્યકારની એ આંતરિક સંપદા છે.

લય એટલે માત્ર આવર્તનો એમ માનવું ભૂલ ભરેલું છે. આથી જ વૃત્તગંધી ગદ્ય પણ ક્યારેક મોટું પ્રલોભન ઊભું કરી આપે છે.

શબ્દપસંદગી, વાક્યરચના, ખંડકયોજના અને વાક્યલય વગેરે કેવી તાણ સાથે ગદ્યમાં આકારિત થાય છે અને એમાં તેનું ભાષાગત સંરચન કેટલો ફાળો આપે છે તે તપાસવું પડે.

આ રીતે ગદ્યના વિવિધ ઘટકો વિશે જાણવું જરૂરી બને છે. પરંતુ ગદ્યનું હાર્દ પામવું હોય તો એની ભાષિક સંરચના કે શૈલીની વિચારણા અવશ્ય કરવી પડે. ઉપરાંત પ્રકરણ અને પ્રબંધ વિશે પણ ગદ્યના ઘટકો તરીકે ચર્ચા કરવી જોઈએ.

સર્જક જે સંવેદન કે વિચારને ખંડક કે પરિચ્છેદ વડે રજૂ કરે છે. આગળ જતાં આ પરિચ્છેદો મળીને એક પ્રકરણની રચના કરે છે. તેવી જ રીતે વિવિધ પ્રકરણો આંતરિક અનિવાર્યતાથી જોડાય ત્યારે પ્રકરણો પ્રબંધ બને છે.

આમ, ગદ્યના વિવિધ ઘટકોમાં શબ્દ, વાક્ય, ખંડક કે પરિચ્છેદ, લય, પ્રકરણ અને પ્રબંધ જેવા અંશો મહત્વના છે.

શૈલી વિચાર :

ગદ્યનું હાર્દ પામવું હોય તો એ ભાષિક સંરચના કે શૈલીની વિચારણા અવશ્ય કરવી પડે. સંરચના કે શૈલી જ ગદ્યકારનું ઋત છે. લલિતેતર ગદ્યમાં સામગ્રીનો પરિચય અગત્યનું અંગ બને છે. શૈલી-પરિશિલનનો પ્રશ્ન લગભગ ગૌણ સ્થાને મૂકાતો આવ્યો છે. પરંતુ સર્જનાત્મક ગદ્યમાં શૈલીપરીક્ષણ વિનાનું ગદ્યપરિશીલન અધૂરું ગણાય. સર્જકે સર્જકે પ્રજાએ પ્રજાએ ભિન્ન ભિન્ન છટાવાળું ગદ્ય અને ગદ્યતરાહો મળે.

કોઈપણ લેખકની કૃતિ જોઈશું તો જણાશે કે એનામાં કશીક વિશેષતા છે. એક કે બે પરિચ્છેદમાં તે ઝડપથી નથી પરખાતી પણ સળંગ પાંચ કે સાત પાંનાં વાંચવામાં આવે તો કાલિદાસ, શેક્સપિયર, પ્રેમાનંદ, ગોવર્ધનરામ કે ગાંધીજી ઢાંક્યા રહેતા નથી. મારા પ્રસ્તુત શોધનિબંધના અભ્યાસમાં માત્ર શૈલી જેવા કોઈ એક જ શબ્દ ઉપર ભાર ન આપીને ગાંધીના

ગદ્યની વિશિષ્ટતાને વિવિધ રૂપો – અભિગમોને આવરી લેતી 'ગદ્ય' જેવી વ્યાપક સંજ્ઞા વાપરી છે. ગાંધીજીની પણ એક નોખી શૈલી છે.

'The Style is the Man Himself. (શૈલી પોતે માણસ છે.)

- Buffon

'શૈલી એ કાંઈ ઝભ્ભો નથી કે ઉતારીને બાજુએ મૂકી શકાય, શૈલી એ તો છે શરીરની ચામડી.'

- કાર્લાઈલ

આપણા પ્રાચીન સાહિત્યાચાર્યો શૈલી માટે 'વૃત્તિ' અને 'રીતિ' શબ્દ પ્રયોજે છે, 'શૈલી' શબ્દ મહાભાષ્યમાં આવે છે. વામને શૈલી માટે 'રીતિ' શબ્દ પ્રયોજીને - 'ગુણોથી વિશિષ્ટ એવી પદોની રચના તે રીતિ.' (विशिष्ट पदरचना रीतिः । विशेषो गुणात्मा ।) એવી વ્યાખ્યા આપી છે.

Style is the dress of thoughts. (શૈલી વિચારોનો પોશાક છે.)

- ચેસ્ટરફીલ્ડ

જેમ ચહેરો જોઈને વ્યક્તિ ઓળખાય, તેમ શૈલી જોઈને લેખકનું શીલ ઓળખાય. શૈલી મનની વૃત્તિપ્રવૃત્તિને અનુરૂપ હોય છે. જે તે લેખકની શૈલીમાં તેની આત્મિક અને માનસિક વૈશિષ્ટતા વ્યક્ત થાય છે. શૈલીના આધારે લેખકની વર્ણનની રીત છતી થાય છે. ટૂંકમાં શૈલી વિચાર અને વિષયવસ્તુનું માધ્યમ છે.

'કળાકારની અભિવ્યક્તિ (expression) એ જ એની શૈલી છે.'

- ક્રોચે અને બોન્ઝાક

લેખક પોતાની વિશિષ્ટ શૈલીમાં કૃતિને ઢાળે છે. શૈલી તો અનુભૂતિ સાથે જ જન્મનારી મૌલિક અભિવ્યક્તિ વિશિષ્ટતા છે.

वाचामलङ्कृतिः । (વાણીની અલંકૃતિ).

- ભામહ

ભામહ શૈલીને અલંકારની સાથે જોડે છે.

'શૈલી' શબ્દ અંગ્રેજી 'Style'નો પર્યાય છે. ગ્રીક 'Stylos' કે લેટિન 'Stylus' નો મૂળ અર્થ છે : લખવાની ધારદાર કલમ. પણ 'સ્ટાઈલ'નો અર્થ મૂળથી વિકસિને વિવિધ થાય છે. (1) લેખનની પદ્ધતિ, (2) લિખિત રચના, (3) લેખકની અભિવ્યક્તિની વિશિષ્ટતા, (4) સાહિત્યચનાની રૂપગત વિશેષતા, (5) બોલવાની છટા, (6) રીતિ, પ્રથા, (7) સાહિત્યકાર – કલાકારની રચનાપદ્ધતિની વિશિષ્ટતા, (8) કોઈ દેશ, કાળ, જાતિ, વર્ગના કલાકારોની રચના પદ્ધતિની વિશિષ્ટતા.

આમ, 'Style' નો મૂળ અર્થ 'કલમ' કે 'લેખિની', 'લેખકની લેખનગત વિશિષ્ટતા' અને તેથીય આગળ વધીને 'કલાકાર માત્રની કલાગત – રચનાલક્ષી વિશિષ્ટતા' એવા અર્થમાં પ્રચલિત બન્યો. ઉપયોગી કલાઓની કે કારીગરીની રચનાકૌશલની વિશિષ્ટતા માટે પણ હેર-સ્ટાઈલ' જેવા પ્રયોગો થાય છે. ટૂંકમાં એમ કહી શકાય કે Style શબ્દ હવે લેખક, કલમ

અને કલાકારથી આગળ વધીને જીવનની અનેક બાબતો સાથે જોડાઈ ગઈ છે. જેમ કે – બોલવાની Style, ચાલવાની Style, દોડવાની Style, ભણાવવાની Style વગેરે...

સમાપન :

માત્ર બે વર્ણમાં બોલાતો 'ગદ્ય' શબ્દ પણ તેની વિચારણા કરવા બેસીએ ત્યારે તે કેટલું મોટું વટવૃક્ષ બનીને આપણી સામે દર્શન આપે છે. ગદ્યનાં કેટકેટલાં રૂપો છે. ગદ્ય એટલે જે પદ્ય નથી તે એમ કહીને જ આપણે અટકી જવાનું નથી. પ્રસ્તુત અભ્યાસના આધારે એવું લાગે છે કે ગદ્યની વિચારણા કરવા માટે ભારતીય મીમાંસકોએ શરૂઆતમાં ખૂબ ઓછી ચર્ચા કરી છે. તેમના પદ્યના સ્વરૂપને ધ્યાનમાં રાખીને ઘણા વિચારો રજૂ થયા છે.

સંદર્ભસૂચિ :


1) સાહિત્ય વિવેચન, લે.પટેલ, ડૉ.બહેચરભાઈ ર., પ્ર.આ.1974, દ્વિતીય આવૃત્તિ (સંશોધિત) 1992, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
2) ભારતીય સાહિત્યમીમાંસા, પટેલ, ડૉ.બહેચરભાઈ ર., યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6
3) ગદ્યકાવ્ય, સપાદક : પરીખ, ધીરુ, પ્ર.આ.1985, પ્રકાશક :કવિલોક ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ-380009
4) નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ, ભાવસાર, ડૉ.મફલાલ અં, પ્ર.આ.2007, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર.
5) ભગવદ્ગોમંડલ ભાગ-3 જો (ક થી ડ), કર્તા – ભગવતસિંહજી, પ્ર.આ.1948, દ્વિતીય પુનર્મુદ્રણ 2007, પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ.
6) સાર્થ ગુજરાતી જોડણીકોશ, પાંચમી આવૃત્તિ-1967, સંપાદક :દેસાઈ મગનભાઈ, પ્રકાશક :ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
7) બૃહદ્ ગુજરાતી કોશ ખંડ 1લો, સંપા. કે.કા. શાસ્ત્રી, પ્ર.આ. 1-11-1975, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
8) ગાંધીયુગનું ગદ્ય ભાગ-1, પઢિયાર દલપત, પ્ર.આ. 1991, મુખ્ય વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
9) ગુજરાતી વિશ્વકોશ, ખંડ-6 (ગ-ઘો), પ્રમુખ સંપાદક : ઠાકર, ડૉ. ધીરુભાઈ, પ્ર.આ. 1994, વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
10) શૈલી અને સ્વરૂપ, જોશી ઉમાશંકર, પ્ર.આ. 1960, પુનર્મુદ્રણ – જુલાઈ 1994, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-380001
11) 'પરબ', નવેમ્બર-2009, અંક-5, સાહિત્યિક ગદ્યની વિભાવના વિશેની વિચારણા, બ્રહ્મભટ્ટ, ભગીરથ, તંત્રી – જોષી, યોગેશ, સહતંત્રી – રાવલ, પ્રફુલ્લ, ગુજરાતી સાહિત્ય પરિષદ
12) અર્વાચીન ગુજરાતી ગદ્યનો વિકાસ, પરમાર, પ્રો. જોસેફ એલ., પ્ર.આ. 1987, વિતરક : ગ્રંથાગાર, અમદાવાદ અને સાહિત્ય મિલાપ, રાજકોટ
13) અધીત-પચીસ-છવીસ, સંપાદકો – ગૂર્જર, જગદીશ, ગાંધી, વિનોદ, રોહડિયા, અંબાદાન, શાહ, કીર્તિદા,

14) પરબ, નવેમ્બર, 2007, અંક-5, સાહિત્યિક ગદ્યની વિભાવના વિશેની વિચારણા, બ્રહ્મભટ્ટ, ભગીરથ, તંત્રી – જોષી યોગેશ, સહતંત્રી – રાવલ પ્રફુલ્લ
15) ગદ્યકાવ્ય, સંપાદક : પરીખ, ધીરુ, પ્ર.આ. 1985, પ્રકાશક : કવિલોક ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ-380007

Dr. Bhikhabhai V. Desai
(UGC – NET, GSET, JRF/SRF)
Assistant Professor
Nalini – Arvind & T. V. Patel Arts College,
Vallabh Vidyanagar, Dist : Anand - 388120
Mo : 8980275149
Email : bhikhajetalpura9371@gmail.com